**Rolls-Royce Motor Cars**
***Media Information***

# રોલ્સ- રોયસ ડોનઃ બાંધછોડ વિનાની બેજોડ લક્ઝરી

8 સપ્ટેમ્બર, 2015, ગૂડવૂડ

અમારી નવી રોલ્સ- રોયસ ડોન એકદમ આકર્ષક અને રોમાંચક છે, જે ખૂબી આજ સુધીની કોઈ અન્ય રોલ્સ- રોયસમાં જોવા મળી નથી અને આ સાથે તે ઓપન- ટોપ, સુપર- લક્ઝરી મોટરિંગનો નવો યુગ પણ લઈને આવી છે. ડોન સુંદર નવી મોટર કાર છે, જે દુનિયામાં કોઈ પણ બાંધછોડ કર્યા વિનાનો ઓપન- ટોપ મોટરિંગ અનુભવ આપે છે. દુનિયાનાં ખાસ સામાજિક સ્થળો ખાતે સૂર્યપ્રકાશ માણવા માગતા લોકો માટે આ સુપર- લક્ઝરી ડ્રોપહેડ મોટર કાર્સમાં સૌથી સોશિયલ છે.

**દેખીતી રીતે જ આ આજ સુધી બનેલી સૌથી સેક્સી રોલ્સ- રોયસ છે.**

નામ ડોન અનુકૂળ રીતે રોજ નવા દિવસની તાજગીપૂર્ણ તકો સૂચવે છે, જેમાં જાગૃત થવું, જ્ઞાનેન્દ્રિયો ખૂલી જવા અને સૂર્યની ચમકનો આસ્વાદનો સમાવેશ થાય છે. આ રોમાંચક, મોહક, આહ્લાદક ડોન રાત્રિના અંધકારમાંથી આવતા પ્રકાશની દુનિયા છે. ડોનના વહેલા દિવસની ઠંડી ત્વચા પર મુલાયમ ઝણઝણાટી પેદા કરે છે, તે દિવસ શરૂ થાય તેમ જ્ઞાનેન્દ્રિયો અને જોશને જગાડે છે.
ઈલીનોર થોર્નટનની જેમ રોમાંચના જોશની પાછળ ઘણા બધા માટે પ્રેરણારૂપ રોલ્સ- રોયસ ડોન પોતાનું કૌવત સિદ્ધ કરતાં તેના માલિકને એ માનવાની ફરજ પાડશે કે દિવસના આરંભમાં કશું પણ શક્ય છે.

**ટોર્સ્ટન મુલેર- ઓટવોસ, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, રોલ્સ- રોયસ મોટર કાર્સ**

**પ્રસ્તાવના**

**“...યોગ્ય અને પૂરતા શ્રેષ્ઠતમનો જ સ્વીકાર”**

બાંધછોડ રોલ્સ- રોયસ લેક્સિકોનમાં શબ્દ માન્ય નથી. દેખીતી રીતે જ કંપનીએ સહ- સ્થાપક સર હેન્રી રોયસની વિચારધારા પર જીવવાનું ચાલુ રાખ્યું છે. તેઓ કહેતા, "તમે જે પણ કરો તેમાં પરફેક્શન પર ખાસ ભાર મૂકો." મોજૂદમાંથી શ્રેષ્ઠતમ લો અને તેને ઉત્તમ બનાવો. જો તે મોજૂદ ન હોય તો તે સાકાર કરો. યોગ્ય અને શ્રેષ્ઠતમ સિવાય કશું જ નહીં સ્વીકારો.

આ વાક્યનો પ્રથમ ભાગ "તમે જે પણ કરો તેમાં પરફેક્શન પર ખાસ ભાર મૂકો" એ નવી મોટર કારની નિર્મિતી દરમિયાન ખાસ કંપનીનાં દરેક પગલાંમાં માર્ગદર્શિત થાય છે. બીજું વાક્ય મોજૂદમાંથી શ્રેષ્ઠતમ લો અને તેને ઉત્તમ બનાવો ફેન્ટમ સિરીઝ 2 અને ઘોસ્ટ સિરીઝ-2ની સફળતામાં સ્પષ્ટ રીતે સિદ્ધ છે, કારણ કે તે અનુક્રમે 2012 અને 2014માં અપડેટ કરવામાં આવી હતી. વળી, રોલ્સ રોયસે જજ કર્યું કે અસલી જેન્ટલમેનની ગ્રાન તુરિસ્મો વૈશ્વિક મંચ પર પાછી આવવાનો સમય પાકી ગયો છે ત્યારે તેને સર હેન્રીના ત્રીજા વાક્ય જો તે મોજૂદ ન હોય તો તે સાકાર કરોથી માર્ગદર્શિત છે. અર્થાત, ભૂતનો જન્મ થયો છે.

હવે આ વાક્યનો આખરી ભાગ રોલ્સ રોયસની ડિઝાઈન અને એન્જિનિયરિંગ ટીમો દ્વારા માર્ગદર્શિત છે, કારણ કે તેમણે ઓપન- ટોપ, સુપર લક્ઝરી મોટરિંગ માટે નવા યુગની પહેલ કરવા માટે કામ કર્યું છે. ક્ષેત્ર વિશિષ્ટ ગીચતામાં સૌથી ભવ્ય વાહન દ્વારા 2 વત્તા 2 સીટ કોન્ફિગ્યુરેશન સાથે બાંધછોડ થાય છે ત્યારે રોલ્સ રોયસે યોગ્ય અને શ્રેષ્ઠતમ સિવાય કશું જ નહીં સ્વીકારો એ પસંદ કર્યું હોવાને સાર્થક કરે છે.

આ સાથે નવી યોગ્ય અને શ્રેષ્ઠતમ સિવાય કશું જ નહીં સ્વીકારો ડોન એ દુનિયાની એકમાત્ર અસલી આધુનિક ફોર- સીટર સુપર- લક્ઝરી ડ્રોપહેડનો જન્મ થઈ ચૂક્યો છે.

**"પરોઢ પૂર્વે હંમેશાં અંધકાર હોય છે."**

અત્યંત પડકારજનક સમયમાં વાક્ય પરોઢ પૂર્વે હંમેશાં અંધકાર હોય છે મૂળ અંગ્રેજી રિસ્ટોરેશન પ્રવચનકાર થોમસ ફુલેરે રજૂ કર્યું હતું, જે આશાના કિરણને આલેખિત કરે છે. આ વહેલી પરોઢનો અંધકાર છે, જ્યાં ફેન્ટમ્સ, ઘોસ્ટ્સ કે ભૂત જેવી છાયાઓની કલ્પના કરવામાં આવી છે અને જ્યાં ચિંતા થતી હોય તે વહેલી સવારનો સૂર્યપ્રકાશ પડતાં તેમાં ઊર્જા ભરાઈને નવી પરોઢ ફૂટી નીકળે છે અને તે સાથે નવા દિવસની અસીમિત શક્યતાઓ પણ ઉજાગર થાય છે.

1952માં આવી લાગણીઓ હતી, કારણ કે દુનિયા આખરે લાંબા યુદ્ધ પછી આર્થિક સમૃદ્ધિના સમયગાળામાંથી ઊભરી આવી હતી. તે વર્ષે દુનિયા આશા સાથે આગળ જોતી હતી, કારણ કે દુનિયાનું પ્રથમ પેસેન્જર જેટ બ્રિટિશ ડીહેવિલેન્ડ, કોમેટે તેનું પ્રથમ કમર્શિયલ ફ્લાઈટ બનાવ્યું હતું, બ્રહ્માંડની નિર્મિતીની ભવ્ય થિયરી સૌપ્રથમ સામે આવી હતી અને રાણી એલિઝાબેથ-2 યુનાઈટેડ કિંગડમમાં રાજગાદી સંભાળી લીધી હતી.

તે જ વર્ષે વાસ્તવમાં રોલ્સ રોયસ સિલ્વર ડોન ડ્રોપહેડ નવી રોલ્સ રોયસ ડોનના ડિઝાઈનરો માટે અચંબો બની ગઈ હતી, જે રોલ્સ રોયસ કોચબિલ્ડર્સ પાર્ક વોર્ડ દ્વારા પૂરી કરાઈ હતી અને તેના પ્રથમ ગ્રાહક કેનેડાના કર્નલ ડબ્લ્યુ. એ. ફિલિપ્સને ડિલિવરી કરાઈ હતી.

Rolls-Royce Motor Cars

The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

રોલ્સ રોયસની તે સમયની નવી શરૂઆત અસલ સિલ્વર ડોન ફેક્ટરીમાં બનાવેલી બોડી સાથે ઓફર કરાયેલી પ્રથમ રોલ્સ રોયસ હતી. જોકે ડ્રોપહેડ રોલ્સ રોયસીસે સિલ્વર ડોન નામ આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું હતું, જે વ્યક્તિગત ગ્રાહકો માટે કોચ- બિલ્ટ હતી, જે અજોડતા અને દુર્લભતાની ખાતરી રાખતી હતી અને યુગના આશાવાદનું પ્રતિક હતી, કારણ કે આપણે જીવનને ફરી માણવાનું અને લા ડોલ્સ વિટા મેળવવાનું ફરી શરૂ કર્યું.

આ વિખ્યાત અને દુર્લભ રોલ્સ રોયસ નામ 1950 અને 1954 વચ્ચે 28 અત્યંત ખાસ ડ્રોપહેડ બોડીઝને જ લાગુ કરાયું હતું.

રોલ્સ રોયસની નવી ડોને સિલ્વર ડોન પરથી પ્રેરણા લીધી છે, જ્યારે દુનિયાની પ્રથમ સુપર- લક્ઝરી મોટરિંગની ડિલિવરી સુપર- લક્ઝરી ફોર- સીટર કન્વર્ટિબલ મોટર કાર ફૂલ, સમકાલીન અર્થઘટન સાથે 2015ની છે, જે દુર્લભ, રિફાઈન્ડ અને અત્યંત સોશિયલ સુપર- લક્ઝરી કાર છે.

1952ની સિલ્વર ડોન ડ્રોપહેડની જેમ નવી રોલ્સ રોયસ ડોન તેના કાફલાની સાથીઓથી અનોખી તરી આવે છે, જેમાં 80 ટકા અજોડ બોડી પેનલો છે.

દેખીતી રીતે જ આ અદભુત નવી ડોનમાં બારીકાઈનું બહુ ધ્યાન રખાયું છે, જેને લઈ સુપર- લક્ઝરી મોટરિંગ તેના વચનમાં સાર્થક ઊતરે. વળી, નવી રોલ્સ રોયસ ડોન સાથે જોડાયેલાં ટાયરો પણ રસ્તા પર એ રીતે ફરે કે દરેક રોલ્સ રોયસની ચમત્કારી કાર્પેટ સવારી પ્રદાન કરે તે રીતે ખાસ ઘડવામાં આવી છે, જે ગૂડવૂડ ખાતે રોલ્સ રોયસનું ઘર છે.

વળી, અચૂક એન્જિનિયરિંગ અને ઉત્પાદનમાં બારીકાઈનું ધ્યાન ડોનની છત નિર્માણ કરતી વખતે રખાયું છે. આધુનિક મોટર ઉદ્યોગમાં આજ સુધી ક્યાંય સંભળાયું નથી તે રીતે રોલ્સ રોયસ ડોનની છત ઉપર હોય ત્યારે ભૂતિયા શાંતિ પ્રદાન કરે છે અને 50 કેપીએચ સુધી ક્રુઝિંગ ગતિએ ફક્ત 20 સેકંડમાં લગભગ સંપૂર્ણ શાંતિથી કામગીરી કરે છે.

આથી જ એવું કહી શકાય કે નવી રોલ્સ રોયસ ડોન આજ સુધી બનેલી સૌથી શાંત ઓપન ટોપ કાર છે.

ડિઝાઈન
**$2+2 \neq 4$**

રોલ્સ રોયસની દુનિયામાં રોબરોજના ગણિતનાં ધોરણો હંમેશાં લાગુ થતાં નથી. આથી જ હું નવી રોલ્સ રોયસ ડોનની બાબતમાં કહું છું કે 2 વત્તા 2 એ 4ની સમકક્ષ નથી.

**જાઈલ્સ ટેલર, ડાયરેક્ટર ઓફ ડિઝાઈન, રોલ્સ રોયસ મોટર કાર્સ.**

ઓપન- ટોપ મોટર કાર ક્ષેત્રનું અધ્યયન અને ખાસ કરીને તેના ઉચ્ચ મૂલ્યનું લક્ઝરી આગવાપણું સાથે રોલ્સ રોયસના ડિઝાઈનરો માટે અનિવાર્ય બન્યું કે ગ્રાહકો શોર્ટ- ચેન્જ્ડ છે. એક ચોક્કસ કોન્ફિગ્યુરેશન 2 વત્તા 2 સેટઅપ પર માયોપિક ફોકસ આજ સુધી બાંધછોડ કરાયેલી રોલ્સ રોયસની નજરિયામાં હતું.

સામાન્ય રીતે 2 વત્તા 2 કોન્ફિગ્યુરેશનમાં ડ્રાઈવર અને આગળ એક પ્રવાસી વત્તા પ્રાસંગિક પ્રવાસી માટે બે નાની સીટ અને પાછળ એક બાળક માટે સીટનો સમાવેશ હોય છે. પાછળ જગ્યા લાંબા લેગ-રૂમની દષ્ટિએ અત્યંત નોંધનીય રીતે ગેરમોજૂદ હોય છે, જેને લીધે કારમાં કમ્ફર્ટ અને વ્યવહારુતા ઓછી થાય છે. કન્વર્ટિબલ બોડી ટાઈપના કિસ્સામાં આ જગ્યામાં ઘટાડો મોટે ભાગે બૂટ અને પાછળના પ્રવાસીની સ્પેસ સાથે એકત્ર કન્વર્ટિબલ રૂફના પેકેજમાં ઉત્પાદકની અસક્ષમતાનું પરિણામ હોય છે. આ પરિણામ રોલ્સ રોયસ કોમ્પ્રોમાઈઝ્ડ અને 'એન્ટી-સોશિયલ' માને તે ઓપન- ટોપ કાર્સ દ્વારા ખાસ સેક્ટર પોપ્યુલેટેડ છે.

રોલ્સ રોયસમાં અમે સોશિયલ સ્પેસીસ તરીકે પણ કામ કરે તેવી ઉત્કૃષ્ટ મોટર કારોના ઘડવૈયા તરીકે પોતાનું ગૌરવ માનીએ છીએ, એમ ટેલર કહે છે. ડોન જેવી કાર બનાવવાનો વિચાર રોજબરોજના ધોરણે બે પુખ્તો જ આરામથી ઉપયોગ કરી શકે તે છે. ડોનના નિર્માણમાં અમે સ્ટાઈલમાં એકત્ર પ્રવાસ કરવા માગતા હોય તેવા ચાર પુખ્તોના કમ્ફર્ટ અને લક્ઝરી સાથે કોઈ બાંધછોડનો સ્વીકાર કર્યો નથી.

**આકર્ષક, રોમાંચક ખૂબી**

ડોન રોલ્સ રોયસ છે, જે રુટ નેપોલિયન પર ઘરમાં જ બેઠા હોય તેવો અહેસાસ આપે છે. કોટ દ અઝુર પર જીવનને તે સમકાલીન હોમેજ છે. આ કાર કેસિનો જીવનશૈલી પર સમકાલીન છે. દેખીતી રીતે જ ગુણલક્ષણમાં કેવેલિયર તે લોકોને આઝાદી અને આધુનિકતાનો મન મૂકીને આનંદ લેવા માટે આકર્ષે છે, એમ ડિઝાઈનના ડાયરેક્ટર જાઈલ્સ ટેલરે જણાવ્યું હતું.

રોલ્સ રોયસ મોટર કાર્સમાં અમે બાંધછોડ વિના ડિઝાઈન કરી છે અને આ બાંધછોડ વિનાના અભિગમને લીધે જ દરેક નવી મોટર કાર સાથે નવા પડકારો આવ્યા છે, એમ કહીને ટેલર ઉમેરે છે, નવી રોલ્સ રોયસ ડોનના કિસ્સામાં અમે આકર્ષક અને રોમાંચક ખૂબી આપવા માટે રોડ સુધી તેની ડિઝાઈન કરી છે.

નવી રોલ્સ રોયસ ડોન ક્લાસિક રોલ્સ રોયસ એપિયરન્સ અને મોજૂદગી સાથે આકર્ષક છતાં મનોહર બહારી ડિઝાઈન સાથે નિરીક્ષકોને શુભેચ્છા આપે છે. તે અત્યંત સ્વર્ણિમ રોલ્સ રોયસ પ્રસ્તુત કરે છે છતાં ચાર્મિંગ અને મોહિત કરનાર ગુણો સાથે તે ડ્રોપહેડ કુપમાં ઉત્કૃષ્ટતા, આધુનિકતા અને બારીકાઈની નવી સપાટી લાવે છે, જે પાવન છતાં મંત્રમુગ્ધ કરનાર બાંધછોડ વિનાની આઝાદીનું ભાન કરાવે છે.

તે આસાનથી નવી સપાટી પ્રદાન કરે છે, અંતર્ગત એક્સિલરેશન અને ગતિશીલતા સાથે જ્ઞાનેન્દ્રિયોને આરામ આપે છે. આ સર્વ કમ્ફર્ટ અને સ્પેસમાં કોઈ બાંધછોડ કર્યા વિનાનું છે. આ નવી રોલ્સ રોયસ ગતિશીલ અને સામાજિક ગુણોનું દ્યોતક હોઈ દુનિયાભરમાં વ્યાપક, યુવા અને વધુ સામાજિક સતર્ક દર્શકોને આકર્ષે છે.

Rolls-Royce Motor Cars

The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

મિડિયાની અટકળોથી વિપરીત નવી રોલ્સ રોયસ ડોન રેથ ડ્રોપહેડ નથી. નવી ડોનની બહારી બોડી પેનલમાંથી 80 ટકા રોલ્સ રોયસની ડિઝાઈન ભાષાની ઉત્ક્રાંતિને સમાવવા માટે નવેસરથી ડિઝાઈન કરાઈ છે અને તે ઉચ્ચ સમકાલીન હોઈ ફોર-સીટ સુપર- લક્ઝરી ડ્રોપહેડ આર્કિટેક્ચરમાં આકર્ષક છે.

લક્ષ્ય સ્પષ્ટ છે. અન્ય કાર ઉત્પાદકે આજ સુધી હાંસલ કર્યું નથી તે કરતાં એવી કાર બનાવવી જે રૂફ નીચે હોય તે રીતે જ ઉપર હોય ત્યારે પણ સુંદર લૂક આપે. કોઈ એવું વિશ્વિત કહી શકે છે કે ડિઝાઈન ટીમના અથાક પ્રયાસોને લીધે નવી રોલ્સ રોયસ ડોન એકમાં બે કાર છે.

**એક્સટીરિયર ડિઝાઈન**

રોલ્સ રોયસ ડોન સમયકાલીન રોલ્સ રોયસ ડિઝાઈનના સિદ્ધાંતોને જાળવે છે- 2: 1 વ્હીલ હાઈટથી બોડી હાઈટ, લાંબું બોનેટ, શોર્ટ ફ્રન્ટ ઓવરહેન્ગ, લાંબું પાછળનું ઓવરહેન્ગ, મનોહર ટેપરિંગ રિયર ગ્રાફિક અને હાઈ શોલ્ડર લાઈનનો સમાવેશ થાય છે.

**આ સર્વ પરંપરા સુંદરતામાં અને એકદમ સમકાલીન ડિઝાઈનમાં પ્રદાન કરાય છે.**

એથ્લેટની જેમ રોલ્સ રોયસ ડોન સુસજ્જ, તાલીમબદ્ધ અને સવારી માટે તૈયાર દેખાય છે. તેનું ઉત્તમ એક્સિલરેશન અને સપાટીમાં ટેન્શન સંપૂર્ણ નવી પેનલો મારફત વધે છે, જે એવું કર્વેચર નિર્માણ કરે છે કે સપાટી પર તંગ રહે છે અને વધુ શક્તિશાળી સિલ્હટ આપતાં ભીતર શું છે તેનો અણસાર આપે છે.

ડોનનો શક્તિશાળી અને આકર્ષક આગલો છેડો સંવેદનશીલ છતાં તીક્ષ્ણ, લગભગ મેસ્ક્યુલિન લૂક આપે છે, જ્યારે બોલ્ડ સ્વીપિંગ શોલ્ડર- લાઈન વધુ સંવેદનશીલ બને છે, કારણ કે પાછલાં વ્હીલના સ્વેલ પર પ્રવાહિત થઈને વ્યાપર ટ્રેકના સમાવે છે. બોનેટ પર ટેપર્ડ વેક ચેનલ, તેની ખૂબીઓની પાંખોના જોશમાંથી નીકળતાં જેટના વેપર ટ્રાયલની સાઈટ ઉજાગર કરે છે, જે કારની ગતિશીલતાનો સંકેત આપે છે. ઉચ્ચ શોલ્ડર રેખા, વ્યાપક સી- પિલર અને આડી સાંકડી બાજુનું વિંડો એપર્ચર, સાઈડ-ઓન અને રૂફ અપથી જુઓ ત્યારે કાર લો- સ્લંગ હોટ રોડ સમાન લાગે છે.

આગળ ગ્રિલ આશરે 45 મીમી રિસેસ્ડ કરાઈ છે, જ્યારે નીચે આગળનું બમ્પર રેથની તુલનામાં 53 મીમી વિસ્તારવામાં આવ્યું છે. ખાસ કરીને જેટ એર ઈનટેક ફેસ પર આઈ પર કેન્દ્રિત થવા અને સ્થિર ઊભી હોય ત્યારે પણ કાર કેન્દ્રિત ભાસે તે માટે આ કરાયું છે. ગ્રિલની ડિઝાઈન પાછળ શોલ્ડર પર કારના તાણને એકસિલરેટ કરવામાં મદદરૂપ થાય છે અને ફરી એક વાર ડોનની અજોડ મનોહરતા પર ભાર આપે છે.

ગ્રિલ અને બમ્પર રોલ્સ રોયસ પરિવારની અન્ય સભ્યોની રેખામાં પારંપરિક ઊભી રેખાઓને બદલે કારની આડી રેખાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બમ્પર હવે નંબર પ્લેટ સરાઉન્ડ અને નવા કેન્દ્રિત નીચેલા એર ડેમને સમાવી લે છે. લોઅર વેલેન્સમાં મેશ રિસેસ્ડ છે અને રંગમાં કાળું છે, જેને લીધે ગ્રિલમાં ઊંડાણમાં પૂરક બનતાં ઊંડાણનું ભાન કરાવવામાં મદદરૂપ થાય છે. ઉપરાંત ક્રોમ બ્લેડ્સ કારના પ્લાન્ટ કરવા કામ

કરે છે અને આડી રેખાઓને પૂરક પણ છે. કારની આસપાસ આઈના ફ્લોને તે એક્સિલરેટ કરે છે, જેને લીધે પાવર અને પહોળાઈની છાપ વધે છે.

સાઈડ પ્રોફાઈલમાં રોલ્સ રોયસ ડોનને જોતાં આંખો તાત્કાલિક કારના મનોહર પ્રોફાઈલ તરફ અચૂક દોરવાય છે. સોફ્ટ ટોપ આકાર સંપૂર્ણ અખંડ અને મનોહર લાગે છે, જેમાં અન્ય ઉત્પાદકના સોફ્ટ ટોપ્સમાં જોવા મળતા ખરાબ કોન્કેવ એરિયા કે તીક્ષ્ણ સ્ટ્રટ્સ બિલકુલ નથી. ઉપરાંત નવા 21 ઈંચ પોલિશ્ડ અને 21 ઈંચ અને 20 ઈંચ પેઈન્ટેડ વ્હીલ્સને લીધે ડોન અનુકૂળ રીતે એક્ઝિક્યુટેડ રહેવા સાથે રોલ્સ રોયસ લક્ઝરીની સમકાલીન છાપ પાડવાની ખાતરી રાખે છે.

કારના પાછળના છેવાડે ડોનના ફેમિનાઈન હિપ્સ પર સ્વેલ્ડ છે, જે પાછળની બાજુમાં ટેપર કરે છે, જે વહેલી બોટ ટેઈલ રોલ્સ રોયસ ડ્રોપહેડ કુપ્સની મનોહર ડિઝાઈનનો પડઘો પાડે છે અને દેખીતી રીતે જ સુંદર મોટર તેને પ્રેરિત કરનાર વહેલી 20મી સદીની રજૂઆત છે.

સોફ્ટ –ટોપનું સાઈલન્ટ લોઅરિંગ અસલી ડોન મોમેન્ટ પ્રદાન કરી રોલ્સ- રોયસ ડોનને ટ્રાન્સફોર્મ કરે છે. મિડનાઈટ સફાયર એક્સટીરિયરના હીરા ગુણલક્ષણ અને મેન્ડારિન લેધર ઈન્ટીરિયર સાથે સૂર્યકિરણ ફૂટતાં જ રાત્રિ દિવસ બની જાય છે, જે અંદરના ભાગને બહાર લાવે છે, શક્યતાઓની વ્યાપક દુનિયા સાથે તેની સોશિયલ સ્પેસને જોડે છે.

રૂફ ડાઉન સાથે રોલ્સ રોયસ ડોનનું સેક્સીપણું વધુ સૂચક છે. સાઈડથી વિંડસ્ક્રીનનું સ્ટીપ રેક, પાછળ વહેલી સ્વેજ લાઈન વત્તા પ્રોફાઈલ સાથે વધતી હાઈ બેલ્ટલાઈન આસાન સ્વિફ્ટનેસની છાપ પાડે છે. જેકેટના કોલરની જેમ જ પાછળના પ્રવાસીની કેબિન આસપાસ તે જ રાઈઝિંગ બેલ્ટલાઈન રેપ્સ ખેંચતાં ગરદનની સુરક્ષા કરે છે.

કેબિન આસપાસ વીંટળાયેલા સ્ટેઈનલેસ સ્ટીલ વેઈસ્ટ લાઈન ફિનિશરમાં ડેકનો સમાવેશ થાય છે, જે સ્ટવ કરો ત્યારે સોફ્ટ ટોપને આવરી લે છે અને ઉચ્ચ સ્તરની બ્રેક લાઈટને એકીકૃત કરે છે. આ સુંદર ધાતુની વિશિષ્ટતા સ્ટેઈનલેસ સ્ટીલ ડોર હેન્ડલ્સ, પોલિશ્ડ વ્હીલ્સ, દૃષ્ટિગોચર એક્ઝોસ્ટ અને આગળ તથા પાછળ બમ્પર જ્વેલરી સાથે અખંડતામાં કામ કરીને મૂલ્યવાન લૂક અને અહેસાસ આપે છે.

ડેક ખુદ આધુનિક કળાકારીગરીનું અદભુત કાર્ય છે. ઓપન- પોર કેનેડલ પેનલિંગમાં વીંટળાયેલું હોઈ તે પાછળ કેબિનનો હોર્સ શૂ આકારને ટ્રેસ કરતાં ગૂડવૂડમાં રોલ્સ રોયસના ઘરમાં વૂડશોપમાં કળાકારીગરો દ્વારા ઉત્તમ આધુનિકતા પ્રદર્શિત કરે છે, જેમણે વૂડ ક્રાફટિંગ ટેકનોલોજી અને ટેકનિક્સનો બેજોડ સંગમ કર્યો છે.

ડેક પર વૂડ વ્યક્તિગત રુચિને અનુકૂળ ગ્રાહકો દ્વારા પસંદ કરાયું છે, જે પાછળી સીટ્સ વચ્ચે વોટરફોલને ફ્લો ડાઉન કરે છે અને ઈન્ટીરિયર ડોર પેનલમાં કેબિન ક્લોધિંગ આસપાસ નયનરમ્યતા માલિકને ડોનમાં પ્રવેશ કરવા માટે જાણે આવકાર આપે છે.

## ઈન્ટીરિયર ડિઝાઈન

ફરી એક વાર રોલ્સ રોયસના અજોડ કોચ ડોર્સ ડ્રોપહેડ ફોર્મેટમાં પોતાની અંદર આવે છે. કોચ ડોર્સ આકર્ષક અને સુંદર છે. આ ડોર્સ લાંબા આગળના વિંગ્સ અને રિલેક્સ્ડ વેફ્ટ લાઈનને પૂરક છે, જેને લીધે લાંબી બોડી પ્રોફાઈલ અને કોસેટેડ કેબિન નિર્માણ કરે છે.

ક્લાસિક સ્પોર્ટસ કાર પ્રોફાઈલને શોભે તે રીતે ડોનના લક્ઝુરિયસ અવકાશમાં પાછળની પ્રવાસીઓ આસાનીથી અંદર પ્રવેશી અને બહાર નીકળી શકે છે. પાછળના પ્રવાસીઓ રોલ્સ રોયસમાંથી બહાર આવવા સાથે જાણે રિવા મોટર લોન્ચમાંથી મોનેકો કે લેક કોમોમાં ગ્લેમરસ ખાનગી જેટ્ટી પર ઊતરતા હોય તેવો અહેસાસ કરાવે છે.

દેખીતી રીતે જ રોલ્સ રોયસ પાસેથી અપેક્ષા મુજબ કોચ ડોર્સ એક્સેસના માધ્યમથી ઉપરાંત વધુ સૈદ્ધાંતિક હેતુ તરીકે પણ કામ કરે છે. દેખીતી રીતે જ મહત્ત્વપૂર્ણ રીતે તે બોડીની એકંદર શક્તિ અને સખતપણામાં નોંધનીય રીતે ઉમેરો કરે છે, કારણ કે તે બેરોકટોક એ- પિલરના કન્સ્ટ્રકશનને માર્ગ આપે છે.

ડોનમાં પ્રવેશ કરતાં જ પ્રથમ છાપ વૂડ અને લેધરના મોકળાશભર્યા અને સેરટોરિયલ સ્લિંગશોટની મધ્યમાં ચાર અલગ બકેટ સીટ્સ સેટ છે. સ્લિંગશોટ સંકલ્પના ડ્રાઈવરના એ-પોસ્ટથી પ્રવાસી એ- પિલર પર પાછા આવવા પૂર્વે પાછળની સીટ્સ આસપાસથી કારની પાછળ દોડે છે.

સ્લિંગશોટ ફોર્મ એ બારકેટાનો અવશેષ છે, જે પાછળ ખેંચતાં સ્ટેશનરી હોવા છતાં કારના પ્રવાસીઓને ક્ષિતિજમાં લોન્ચ કરવા માટે સુસજ્જ અને તૈયાર હોય છે. આ ડિઝાઈન કારની બહાર એક્સિલરેટેડ ટેન્શનને પૂરક છે. ઈન્ટીરિયર એક્સટીરિયરને પૂરક છે, જે સલામતી, મોજૂદગી અને મોહકતાનું સ્થળ છે.

રોલ્સ રોયસ ડોન ચાર એકદમ વ્યક્તિગત, કોસેટિંગ સીટ્સ પ્રદાન કરે છે. આ વાહન સંપૂર્ણ ફોર સીટર છે અને તેથી તમે જ્યાં પણ બેસો ત્યાં કમ્ફર્ટ સાથે કોઈ બાંધછોડ કરવામાં આવી નથી તેનો સહેજે ખ્યાલ આવી શકે છે. સીટ્સ એ રીતે તૈયાર કરવામાં આવી છે કે ઊર્જાત્મકતા પર ભાર આપે છે. ઉપરાંત તે મનોહર છે અને સંપૂર્ણ લંબાઈના સેન્ટર કોન્સોલને ઈન્ટરસેક્ટ કરીને પૂરક કારના હેતુને અર્થપૂર્ણ બનાવે છે. અપર સીટ બેકમાં સીટ બેલ્ટ હાર્નેસ છે, જે પિલરલેસ બોડીવર્ક સાથે મળીને ફ્લો- લાઈન્સમાં બ્રેક્સ વિના વૂડ કે લેધરના સ્લિંગશોટને બહેતર બનાવે છે અને ભાર આપે છે. ટ્રેની સપાટીઓ પર વૂડ શેવરોન શૈલીમાં સેન્ટર કોન્સોલની નીચે બુક- મેચ્ડ પણ છે, જે આગળ નિર્દેશ કરતાં એક્સિલરેટેડ અહેસાસ આપે છે.

Rolls-Royce Motor Cars

The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

ઈન્સ્ટ્રુમેન્ટ ડાયલ્સમાં તેની આસપાસ વ્યક્તિગત લાગુ પોલિશ્ડ મેટલ ચેપલેટ્સ સાથે બહેતરી હેઠળ પસાર થયા છે, જે હસ્ત બનાવટની લક્ઝરી કાંડાઘડિયાળની અચૂક ડિઝાઈન ઉજાગર કરે છે, જ્યારે મેટ ક્રોમ દરેક ઈન્સ્ટ્રુમેન્ટની વચ્ચે ફ્લોટ કેન્દ્રમાં લાવે છે. ઉપરાંત નવી કલોક ડિઝાઈનમાં નવી મોટર કારનું નામ રજૂ કરવામાં આવ્યું છે.

**એન્જિનિયરિંગ અને ટેકનોલોજી**

**ધ સાઈલન્ટ બેલે**

નિર્વિવાદ રીતે નવી રોલ્સ રોયસ ડોનની એન્જિનિયરિંગ હાઈલાઈટ નવી છત છે. રોલ્સ રોયસને સાર્થક કરતાં ડોન સર્વ રોલ્સ રોયસીસ સાથે સંકળાયેલો બેજોડ ડ્રાઈવિંગ અનુભવ પ્રદાન કરે છે. આ સાથે રોલ્સ રોયસ માટે એકમાત્ર પસંદગી એસ્થેટિક્સ, રોમાન્સ અને બ્રાન્ડ યોગ્યતા માટે ફેબ્રિક રૂફ હતી. રાત્રિના વરસાદમાં કન્વર્ટિબલ ડ્રાઈવ કરવા જેવું અને છત પર પાણીનાં ટીપાં પડતાં સાંભળવાનું રોમેન્ટિક બીજું કશું જ નહીં હોય. તેના કસ્ટમર્સ સાથે વાટાઘાટમાં રોલ્સ રોયસને ખ્યાલ આવ્યો કે તેમને પણ તેવી જ લાગણી થાય છે.

ફેબ્રિક- રૂફ કોન્ફિગ્યુરેશન સાથે કામ કરતાં રોલ્સ રોયસની એન્જિનિયરિંગ ટીમે પોતાની સામે પડકારજનક લક્ષ્ય પ્રસ્થાપિત કર્યું છે, જે તેઓ બાંધછોડ કરવા માગતા નહોતા અને દુનિયામાં આજે સૌથી શાંત કન્વર્ટિબલ કારને સાકાર કરી છે. નવી છતના એન્જિનિયરિંગના સર્વ પાસામાં આ શાંતિ માટેની ખ્વાહિશ લાગુ કરવામાં આવી છે. અને નવી મોટર કારનું તે વિસ્તરણ છે.

સૌપ્રથમ પ્રવાસીઓનો ઓન- બોર્ડ કાર ગતિશીલ હોય ત્યારે પણ રૂફ ઉપર અને નીચે કરવાનો અનુભવ કરી શકે છે, જે શુદ્ધ રોલ્સ રોયસની ખૂબી છે. છતની ડિઝાઈન સુંદર, મનોહર અને સંવેદનશીલ છે, જ્યારે કન્વર્ટિબલ કારની શોભા વધારતા સૌથી વિશાળ કેનોપીમાંથી એક રહી છે.

કેનોપી પાછળની સીટ્સ આસપાસ કઈ રીતે રેપ થાય છે અને ડોનના2 વિંડો ટોપ્સ પર કઈ રીતે નીચે આવે છે તે નોંધ લેવા જેવી છે. આને કારણે કારની છતની રેખા ઓપ્ટિકલી નીચે આવીને લો- સ્લંગ એપિયરન્સમાં યોગદાન આપે છે.

અત્રે એ પણ નોંધવું ઘટે કે પાછળના ગ્લાસ નાના આકારના છે, જે કાળજીપૂર્વક જજ કરાયેલું પ્રમાણ હોઈ છત ઉપર રાખીને મોટરિંગ કરતા હોય ત્યારે પ્રાઈવેટ સેન્કચ્યુઅરી જેવો આભાસ કરાવે છે.

બે મુખ્ય ટેકનિક છત સુંદર અને સંવેદનશીલ દેખાય તેની ખાતરી રાખવા માટે કામે લગાવવામાં આવી હતી. તેની કામગીરીમાં કારની શાંતિમાં તે યોગદાન પણ આપે છે. અનુકૂળ નરમ સપાટી સાથે નાવીન્યપૂર્ણ તૈયાર ફ્રેન્ચ સીમ છત ઉપર હોય ત્યારે કાર પર હવાના પ્રવાહ રહે તેની ખાતરી રાખે છે, જે નોંધનીય પવનનો અવાજ નિર્માણ કરતું નથી. અંદર રોલ્સ રોયસ ડોન રોલ્સ રોયસ રેથની જેમ જ સાઈલન્ટ છે, જે કન્વર્ટિબલ મોટરિંગમાં પ્રથમ છે.

બીજું, છતની યંત્રણાના વાસ્તવમાં ખૂલવું અને બંધ થવા સાથે બંને સુંદર ભાસે છે અને કોઈ પણ અવરોધ સુધ્ધાં આવતો નથી. એન્જિનિયરિંગ ટીમે છતની યંત્રણા સાથે તેઓ જે ઈચ્છતા હતા તે ફેઝની શોધ માટે લાંબી મજલ મારી છે, જેમાંથી સાઈલન્ટ બેલેનો આવિષ્કાર થયો છે.

**આખરે તેમણે હાંસલ કર્યું તે સાઈલન્ટ બેલે છે.**

ફક્ત 22 સેકંડમાં સંપૂર્ણ શાંત રીતે કામગીરી અને કલાકના 50 કિમી સુધી ક્રુઝિંગ સ્પીડ સાથે આ સાઈલન્ટ બેલે બહારી દુનિયાના સાઉન્ડ, લાઈટ અને ફોરમ માટે આદાનપ્રદાન કરતાં શાંતિનું ભાન કરાવે છે. એરલોક ડોનનું ઓપનિંગ બહારી દુનિયાનું ઢાંકણું ખોલે છે અને તેની કેબિન માલિકીની સોશિયલ સ્પેસનો પહોળો હિસ્સો બને છે.

**બીસ્કોપ ઓડિયો**

વળી, શાંતિનો ડર લાગતો હોય અને સંગીત તથા મનોરંજન તેમના મિત્રો જોડે શેર કરવા માગતા હોય તેમને માટે રોલ્સ રોયસ બીસ્પોક ઓડિયો સિસ્ટમ છે, જે રોલ્સ રોયસ ડોનના અજોડ કોન્ફિગ્યુરેશન માટે ખાસ કેલિબ્રેટેડ છે. નિષ્ણાત રોલ્સ રોયસ ઓડિયો એન્જિનિયરો દ્વારા ઉત્કૃષ્ટ રીતે ટ્યુન્ડ કરાયેલો બીસ્પોક ઓડિયો અત્યંત આજ સુધીની બારીકાઈથી ડિઝાઈન કરાયેલી ઓટોમોટિવ હાઈ- ફાઈ સિસ્ટમ છે અને તે ડોનના બેવડા વ્યક્તિત્વને શોભે તે રીતે બારીકાઈપૂર્વક કેલિબ્રેટ કરવામાં આવી છે.

રૂફ બંધ હોય કે ખુલ્લું બીસ્પોક ઓડિયો અનુકૂળ એકોસ્ટિક બેલેન્સ અને પરફોર્મન્સની ખાતરી રાખે છે. ઓડિયો એન્જિનિયરોને ઓટોમોટિવ દુનિયામાં વ્યવહારુ રીતે અસમાંતર ઓડિયો સિસ્ટમના પરફોર્મન્સ પર પ્રસ્તાવિત ફેરફારની અસરો કારની ડિઝાઈન પ્રક્રિયામાં કેવી પડી શકે તે અંગે સલાહમસલત માટે ખાસ બોલાવવામાં આવ્યા હતા.

**સોળ વ્યક્તિગત ટ્યુન્ડ સ્પીકર થિયેટર અને સ્ટુડિયો સેટિંગ્સમાં આવતાં હોઈ નિર્ભેળ લાર્જર ધેન લાઈવ સેન્સેશન પ્રદાન કરે છે. બૂટમાં મોજૂદ બે બાસ સ્પીકરો કેબિનમાં ગોઠવવામાં આવેલા સાત ટ્વીટર્સને પૂરક છે. સિસ્ટમ એમ્બિયન્ટ એક્સટીરિયર સિસ્ટમ એકધાર્યું પરફેકશન જ પ્રદાન કરે તેની ખાતરી રાખવા માટે અવાજનું સતત મોનિટર કરવા, વોલ્યુમ અને ટોન સેટિંગ્સ આસાનીથી કરવા માટે ઉચ્ચ સંવેદનશીલ**

**માઈક્રોફોનનો ઉપયોગ કરે છે. આ ટેકનોલોજીમાં પૂરક બનતાં વ્યક્તિગત સ્પીકરો માટે ફ્રિકવન્સી અને કરેકશન છે, જે બહારી પ્રભાવોથી પેદા થતા સંભવિત મોટા અને ડેડ સ્પોટ્સને દૂર રાખે છે.**

**ઓપન- ટોપ મોટરિંગ માટે નવા ડોનનું એન્જિનિયરિંગ.**

**રોલ્સ રોયસ ટીમ દ્વારા સોફ્ટ- ટોપ કાર્સના એન્જિનિયરિંગમાં લેવામાં આવેલી નિર્વિવાદ ઊંચી છલાંગ ઉપરાંત નવી રોલ્સ રોયસ ડોનમાં અન્ય સેંકડો તૈયાર એન્જિનિયરિંગ નાવીન્યતાઓ પણ રજૂ કરવામાં આવી છે.**

કોઈ પણ કન્વર્ટિબલના ડિઝાઈનિંગમાં પડકાર વજનને નીચે રાખવા બોડીમાં ટોર્સોઈનલ મજબૂતીની ઉચ્ચ માત્રા જાળવી રાખવામાં રહેલો હોય છે. ટોર્સોઈનલ મજબૂતી મોટા ભાગના કન્વર્ટિબલ કાર્સ સાથે સંકળાયેલી સ્કટલ કંપારી ઓછી કરવા માટે અને કાર્સની ગતિશીલ કમ્પોઝરને જાળવવામાં મદદરૂપ થવા માટે મહત્ત્વપૂર્ણ હોય છે.

એન્જિનિયરિંગ ટીમ સંપૂર્ણ સંતોષ પામે તે પૂર્વે વ્યાપક પરીક્ષણ અને સંશોધન હાથ ધરવામાં આવ્યાં હતાં. સંભવિત સમસ્યાઓ પિછાણવા અને તે દૂર કરવામાં મદદરૂપ થવા માટે ખરાબ રસ્તાની સપાટીઓ પર હજારો કિલોમીટર ડ્રાઈવિંગ કરવામાં આવ્યું હતું. પરિણામ ચેસિસ છે, જે આજે ઉપલબ્ધ રોલ્સ રોયસ ડોનને અત્યંત મજબૂત ફોર- સીટર કન્વર્ટિબલ બનાવે છે.

નવું તૈયાર કરવામાં આવેલું સસ્પેન્શન કોન્ફિગ્યુરેશન બોડીની સખતાઈ અને માસ ડિસ્ટ્રિબ્યુશનનાં ક્ષેત્રોમાં આ ઓપન ટોપ મોટર કારના ચોક્કસ વર્તનની સંભાળ રાખે છે, જેને લીધે સર્વોત્તમ ક્રુઝિંગ કમ્ફર્ટની બાંયધરી રહે છે અને રોલ્સ રોયસ પાસે અપેક્ષિત 'મેજિક કાર્પેટ' સવારીનો આનંદ મળે છે.

આગળ અને પાછળ તથા ગ્રેવિટીના નીચલા કેન્દ્રમાં જૂજ એરોડાયનેમિક લિફ્ટ્સ નવા તૈયાર કરાયેલા એર સ્પ્રિંગ્સ અને એક્ટિવ રોલ બાર્સ સાથે આશ્ચર્યકારક રીતે આ સુપર- લક્ઝરી બોલવાર્ડિયર માટે સ્થિતિસ્થાપક હાથ ધરવાની ક્ષમતા આપે છે.

ડોનના આકર્ષક અને સંવેદનશીલ પાછલા ફ્લેન્ક્સ રિયર ટ્રેકનો સંકેત આપે છે, જે ઘોસ્ટની તુલનામાં 24 મીમી પહોળા છે, જે ડોનનો લોઅર, સ્લીકર પ્રોફાઈલ બક્ષે છે. ઉપરાંત કાર્યનું વાઈડ હિપ કારની મોહકતામાં ઉમેરો કરવા સાથે તેના વ્યાપક શોલ્ડર્સ મેસ્ક્યુલિન મેસ્ક્યુલારિટી અને વાહનની શક્તિ અધોરેખિત કરતાં 180 મીમી ટૂંકા વ્હીલબેઝ દ્વારા મદદરૂપ થાય છે.

**રોલ્સ રોયસ ડોનના ડ્રાઈવિંગના અનુભવનું હાર્દ**

કોઈ પણ રોલ્સ રોયસ મોટર કારના હૃદય અને આત્માના ધબકાર ઉત્તમ ટવિન- ટર્બો 6.6 લિટર વી12 પાવરટ્રેન હોય છે. 563bhp પાવર આઉટપુટ અથવા 420kW @ 5,250rpm અને 780Nm અથવા 575 lb ft @ 1,500rpm ટોર્ક રેટિંગ સાથે ડોનનો ડ્રાઈવિંગનો અનુભવ, અપવાદાત્મક છે.

આ અનુભવ ગતિશીલ એક્સિલરેટર પેડલ મેપિંગ દ્વારા બહેતર બનાવવામાં આવ્યો છે, જે મધ્યમ થ્રોટલમાં 30 ટકા સુધી વધતો પ્રતિસાદ પ્રદાન કરે છે.

ડોન રોલ્સ રોયસના લાક્ષણિક સ્ટીયરિંગ ગુણલક્ષણો ઉત્કૃષ્ટ ડ્રાઈવર ફીડબેક પૂરો પાડે છે, જેને લીધે કાર ડ્રાઈવ કરવા માટે આસાન અને અચૂક રહે તેની ખાતરી રહે છે. આ સાથે ઉચ્ચ સ્પીડ પર પણ સુરક્ષાની ઉચ્ચ માત્રા પૂરી પાડે છે. પછી ભલે ટોપ ઉપર હોય કે નીચે હોય તો પણ તે આ ગતિ જાળવી રાખે છે.

પરિણામ એ છે કે નવી રોલ્સ રોયસ આજ સુધીની રોલ્સ રોયસની અત્યંત શક્તિશાળી ફુલ ફોર- સીટ ડ્રોપહેડ મોટર કાર બની છે અને તેના આધુનિક એન્જિનિયરિંગને આભારી તે હલકી અને બજારમાં બાંધછોડ કરેલી મોટા ભાગની 2 પ્લસ 2 કન્વર્ટિબલ્સની તુલનામાં વધુ ઈંધણ કાર્યક્ષમ છે.

રનફ્લેટ ટાયરો દ્વારા પૂરા પાડવામાં આવતી ગ્રિપ મેટ્રિકલી વ્યાજમાં 540mm (20 ઈંચ) આકારની છે. આ ટાયરોને લીધે રોલ્સ રોયસ ડોન ટાયરમાંથી હવા ઓછી થઈ હોય તો પણ બદલી કરવાની જરૂર પૂર્વે કમસેકમ 100 miles/160km સુધી સ્પીડે 50mph/80km/h સુધી દોડી શકે છે. વૈકલ્પિક 21" વ્હીલ પણ ઉપલબ્ધ છે, જે *10*- સ્પોક રિમ્સ પર માઉન્ટેડ આવે છે. રનફ્લેટ ટાયર ટેકનોલોજીનો સમાવેશ સ્પેર વ્હીલ અને જેકની જરૂરત દૂર કરે છે, જેને લીધે લગેજ કમ્પાર્ટમેન્ટમાં તેટલી જગ્યા પણ આરામથી બચી જાય છે.

**આસાન ડ્રાઈવ માટે મજબૂત ટેકનોલોજી**

ઉત્કૃષ્ટ મોટર કોના સંપૂર્ણ રોલ્સ રોયસ પરિવાર સાથે સામાન્ય રીતે નવી ડોન ઓટોમોટિવ ડિઝાઈન અને ટેકનોલોજીમાં અત્યંત આગળ છે. ડોન ડ્રાઈવરને અજોડ ટેકનોલોજીની અનુકૂળતા બક્ષે છે, જે સુપર-લક્ઝુરિયસ સરળ અનુભવ સાથે કારમાં લીઝર ટાઈમની ખાતરી રાખે છે. કારની ટેકનોલોજિકલ કામગીરીનું અજોડ પ્લેસમેન્ટ એ ચાવીરૂપ છે. ડોન તેથી જ એક્સટેસી રોટરી કંટ્રોલરના જોશથી ફિટેડ છે, જે અજોડ, એક સ્પર્શનું નિવારણ છે, જેને લીધે ઉપબોક્તા મિડિયા અને નેવિગેશન ફંકશન્સને આસાનીથી પહોંચ મેળવી શકે છે.

દાખલા તરીકે નેવિગેશન ઈનપુટ કે મિડિયા સર્ચીસ માટે વિશિષ્ટતા તેની સપાટી પર આંગળીને ટેરવે કરી શકાય છે, જેને લીધે સતત સ્માર્ટફોન ફંકશનાલિટીનો આભાસ જરૂર છે. લન-ટચ કોલ બટન સુવિધાજનક રીતે સ્ટીયરિંગ વ્હીલ પર સ્થિત હોઈ ઉપભોક્તા સરળ વોઈસ કમાન્ડ સાથે કારના ફંકશન્સ પર કાબૂ રાખી શકે છે. બંને વિશિષ્ટતાઓ વિશિષ્ટ બટન માટે જરૂર દૂર કરે છે અને ઉપયોગમાં સંપૂર્ણ આસાનીથી ખાતરી

રાખે છે. દાખલા તરીકે, તમે ફક્ત બટન દબાવો અને કમાન્ડ બોલો, નેવિગેટ ટુ સેન્ટ ટ્રોપેઝ અને કારની સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ શક્ય ઝડપી રુટ પ્લોટ કરશે.

આ એક્સટેસી રોટર કંટ્રોલરનો જોશ ટચ પેડ આપે છે (ડ્રાઈવર કે પ્રવાસીની આંખની સપાટીએ આંગળની છાપ છોડી શકે તેવા ટચ સ્ક્રીનની જગ્યાએ), જે આંગળી દ્વારા કેરેક્ટર લખવાની ક્ષમતા ધરાવે છે અને ક્રોમ ડાયલ ફેરવીને અને તેના ફંકશન સિલેક્ટ કરવા માટે ડાઉન પ્રેસ કરીને ફંકશન મેનુમાં સ્ક્રોલ કરવાની પણ ક્ષમતા ધરાવે છે.

સિસ્ટમ લેટિન અને અરેબિક કેરેક્ટર્સ તેમ જ મેન્ડરિનને પણ પિછાણે છે.

રોટરી કંટ્રોલર ટચ પેડને લીધે પુલ એન્ડ પિંચ ફીચર્સ પણ મળે છે, જે ઉત્તમ સ્માર્ટ ફોન ફંકશનાલિટી પ્રતિકૃત કરે છે. આને કારણે ઉપભોક્તાઓ સ્ક્રીન પર પસંદ કરેલાં ક્ષેત્રો પ્રત્યે નિર્દેશ કરી શકે અથવા તેને મોટું બનાવી શકે છે.

નોંધનીય રીતે અપડેટ કરેલા મલ્ટીમિડિયા ઈન્ટરફેસ અને નેવિગેશન સિસ્ટમમાંથી માહિતી સુંદર રીતે નવા 10.25 ઈંચ હાઈ- ડેફિનિશન સ્ક્રીન પર પ્રદર્શિત થાય છે, જ્યારે હાર્ડવેર અને સોફ્ટવેરમાં પરિવર્તનને લીધે ઝડપી રુટ ગણતરીઓ માટે સુધારિત પ્રોસેસિંગ સ્પીડ મળે છે.

ઓટોમેટિક ક્રુઝ કંટ્રોલ સિસ્ટમથી અંતર અને સ્પીડનું સતત નાનું અચૂક સમાયોજન ઘટાડવામાં મદદ મળે છે, જેથી એકધાર્યું ક્રીપ, સ્ટોપ અને સ્ટાર્ટ ઓછું થાય છે. ડ્રાઈવર હવે સ્થિતિ પર નજર રાખવા અને ટ્રાફિકની શૈલીઓમાં ફેરફાર સામે પ્રતિસાદ આપવા માટે સિસ્ટમ પર આત્મવિશ્વાસથી અને આરામદાયક રીતે શહેરના ટ્રાફિકમાં હરીફરી શકે છે. દાખલ તરીકે, નવો રસ્તો કે સ્લિપ રોડમાં પ્રવેશ કરતો હોય ત્યારે.

રડાર અને કેમેરા માટે નવું સોફ્ટવેર આગળના બમ્પર વેલેન્સ અને વચ્ચેના અપર વિંડસ્ક્રીનમાં અનક્રમે સ્થિત છે, જે અપેક્ષિત ઈમરજન્સી પ્રેશરમાં બ્રેક્સની ઝડપી પ્રી- કંડિશનિંગ સહિત ઝડપી પ્રણાલી પ્રતિસાદ સમય પૂરો પાડે છે.

જો કોઈ પણ માઠા સંજોગો ઉદભવે તો ડોન ગણતરીની પળોમાં રિયર હેડ રિસ્ટ્રેઈન્ટ્સની પાછળથી કન્સીલ્ડ રોલ- ઓવર પ્રોટેકશન સિસ્ટમ કામે લગાવે છે. આ રોલ- ઓવર પ્રોટેકશન સિસ્ટમમાં કારના સંપૂર્ણ વિંડસ્ક્રીન સરાઉન્ડનો સમાવેશ પણ થાય છે.

**સેટેલાઈટ એઈડેડ ટ્રાન્સમિશન**

રોલ્સ રોયસ ડોનની સહજ ગતિશીલ સેટેલાઈટ એઈડેડ ટ્રાન્સમિશન ઉપરાંત સાથે એકીકૃત છે, જે ટેકનોલોજીએ 2013માં રેથ પર તેનું વૈશ્વિક પદાર્પણ કર્યું હતું. સેટેલાઈટ એઈડેડ ટ્રાન્સમિશન જીપીએસ



The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

ડેટાનો ઉપયોગ કરે છે, જેથી કાર ડ્રાઈવર જુએ તેની પાર જોઈ શકે છે, જેથી સ્થળ અને ડ્રાઈવિંગ શૈલી પર આધારિત આગામી પગલું ધારણામાં લઈ શકાય છે.

તે ડોનના 8 સ્પીડ ઝેડએફ ગિયરબોક્સમાંથી સૌથી યોગ્ય ગિયર સિલેક્ટ કરવા માટે આ માહિતીનો ઉપયોગ કરે છે, જેને લીધે રોલ્સ રોયસના 6.6 લિટર ટવિન ટર્બો વી12માંથી પાવર યોગ્ય રીતે વાપરવા માટે ડ્રાઈવર સક્ષમ બને છે, જેને લીધે તેને સહજ અને આસાન ડ્રાઈવિંગ અનુભવ મળે છે.

દાખલા તરીકે સ્વીપિંગ બેન્ડ પર નજીક આવે ત્યારે કાર તમે તેની પર કઈ રીતે ડ્રાઈવ કરવા ઈચ્છો છે તેના વરતાર આપે છે. ડ્રાઈવર એક્સિલરેટર લિફ્ટ કરે તયારે તે નીચેનું ગિયર પકડી રાખે છે, જેને લીધે કોર્નરના એકઝિટમાં એક્સિલરેટિંગ પર મહત્તમ પાવર મળે તેની ખાતરી રહે છે.

સેટેલાઈટ એઈડેડ ટ્રાન્સમિશન ડોન પર સ્ટાન્ડર્ડ તરીકે આવે છે.

**ડસ્કથી ડોન સુધી- ઈલ્યુમિનેટિંગ ટેકનોલોજી માર્ગ બતાવે છે**

એલઈડી લાઈટિંગ ટેકનોલોજીમાં હાલની જ પ્રગતિ પણ રોલ્સ રોયસ ડોનમાં લાગુ કરવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક રીતે નિયંત્રિત રિફ્લેકટર્સ વ્હીલ જે બાજુ ફરે તેના પ્રતિસાદમાં પ્રવાસની દિશામાં ફરે છે, જેથી કોર્નરિંગ સમયે વધુ ઊંડાણભર્યું વિઝન આપે છે અને સફેદ, ઊજળી લાઈટ્સ ઘેરા રસ્તાઓ પર પણ આસાન અને સુરક્ષિત ડ્રાઈવિંગની ખાતરી રાખે છે, જેને લીધે ડ્રાઈવરનો થાક ઓછો કરવામાં મદદ થાય છે.

ઉપરાંત ફુલ- બીમ હેડલાઈટ્સની જગ્યા ઓટોમેટિક ડિપિંગ ક્રાંતિકારી નવી ગ્લેર- ફ્રી ટેકનોલોજીએ લીધી છે. કાર નજીક આવે ત્યારે લાઈટ ડિફ્લેક્ટ થાય છે, જેને લીધે સામેથી આવતા ડ્રાઈવરની આંખોમાં તકલીફ થતી નથી. ડોનના ડ્રાઈવરો તેથી સતત ફુલ- બીમ વિઝિબિલિટીનો સુરક્ષાનો લાભ માણી શકે છે. ડોનના સમકાલીન આગળની લાઈટનું ગ્રાફિકને દિવસના સમયમાં રનિંગ બાર ફ્રેમ કરે છે, જેને લીધે કાર સુરક્ષા વધારવા સાથે અજોડ સિગ્નેટર પણ આપે છે.

રાત્રિના સમયની ડ્રાઈવિંગ હેડ-અપ ડિસ્પ્લે અને સેફ્ટી હીટ ડિટેકશન સિસ્ટમ દ્વારા ગતિશીલ છે, જે માનવી અને પશુની હીટ સિગ્નેચર્સ ડિટેક્ટ કરે છે અને ડ્રાઈવરને સંભવિત ખતરા વિશે સાંભળી શકાય એવી ચેતવણી આપે છે.

**ટેકનિકલ વિશિષ્ટતાઓ**

**ડાયમેન્શન્સ**

| | |
|---|---|
| વાહનની લંબાઈ | 5285mm / 17.34ft |
| વાહનની પહોળાઈ | 1947mm / 6.39ft |

Rolls-Royce Motor Cars

The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

| | |
|---|---|
| વાહનની ઊંચાઈ (અનલેડન) | 1502mm / 4.93ft |
| વ્હીલબેઝ | 3112mm / 10.21ft |
| ટર્નિંગ સર્કલ | 12.7m / 41.7ft |
| બૂટ વોલ્યુમ (ડીઆઈએન) | 244ltr - 295ltr / 8.6 ft3 - 10.4 ft3 |

**વજન**

| | |
|---|---|
| અનલેડન વેઈટ (ડીઆઈએન) | 2560kg / 5644lb |

**એન્જિન**

| | |
|---|---|
| એન્જિન / સિલિંડર્સ / વેલ્યુઝ | V / 12 / 48 |
| ઈંધણ વ્યવસ્થાપન | ડાયરેક્ટ ઈન્જેકશન |
| પાવર આઉટપુટ @ એન્જિન સ્પીડ | 563bhp / 420kW / 570PS @ 5250rpm |
| મહ. ટોર્ક @ એન્જિન સ્પીડ | 780Nm / 575lb ft @ 1500rpm |
| ઈંધણ પ્રકાર | 10:1 / પ્રીમિયમ અનલીડેડ[1] |

**પરફોર્મન્સ**

| | |
|---|---|
| ટોપ સ્પીડ | 250kmh / 155mph (ગવર્ન્ડ) |
| એક્સિલરેશન 0 - 100km/h | 4.9sec[2] |

**ઈંધણ ઉપભોગ**

| | |
|---|---|
| અર્બન | 21.4ltr / 100km / 13.2mpg (Imp.) |
| એક્સ્ટ્રા અર્બન | 9.8ltr / 100km / 28.8mpg (Imp.) |
| એકત્રિત ઉપભોગ / રેન્જ | 14.2ltr / 100km / 19.9mpg (Imp.) |
| CO2 એમિશન્સ | 330g/km |

આ આંકડાઓ આખરી વિશ્વસનીયતા તપાસને આધીન છે.

- સમાપ્ત -

અખબારી સંપર્કઃ

ગૂડવૂડ

- ગ્લોબલ કોમ્યુનિકેશન્સના ડાયરેક્ટર
  રિચર્ડ કાર્ટર +44 (0) 1243 384060 richard.carter@rolls-roycemotorcars.com
- ગ્લોબલ કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ
  એન્ડ્રયુ બોલ +44 (0) 1243 384064 andrew.ball@rolls-roycemotorcars.com

Rolls-Royce Motor Cars

The Drive, Westhampnett, Chichester, West Sussex PO18 0SH
Telephone +44 (0)1243 384000
www.press.rolls-roycemotorcars.com

- ગ્લોબલ પ્રોડક્ટ કોમ્યુનિકેશન્સ

  એન્ડ્રયુ બોયલ +44 (0) 1243 384062 andrew.boyle@rolls-roycemotorcars.com
- ગ્લોબલ લાઈફસ્ટાઈલ કોમ્યુનિકેશન્સ

  એમા રિકેટ +44 (0) 1243 384061 emma.rickett@rolls-roycemotorcars.com

પ્રાદેશિક

- એશિયા પેસિફિક- નોર્થ

  રોઝમેરી મિચેલ +81 (0) 3 6259 8888 rosemary.mitchell@rolls-roycemotorcars.com
- એશિયા પેસિફિક- સાઉથ

  રાની રામાયા +65 6838 9753 rani.ramaya@rolls-roycemotorcars.com

  હલ સેરુદિન +65 6838 9675 hal.serudin@rolls-roycemotorcars.com
- ચીન

  એના ઝુ + 86 1084558037 anna.xu@rolls-roycemotorcars.com
- યુરોપ- ઈસ્ટ

  ફ્રેન્ક ટાયમેન +49 (0) 89 382 29581 frank.tiemann@rolls-roycemotorcars.com
- યુરોપ - વેસ્ટ
- રુથ હક્લેનબ્રોઈશ +49 (0) 89 382 60064 ruth.hucklenbroich@rolls-roycemotorcars.com
- મિડલ ઈસ્ટ, આફ્રિકા,

  સેન્ટ્રલ એશિયા અને સાઉથ અમેરિકા

  જમાલ અલ માવેદ +971 561717883 jamal.almawed@rolls-roycemotorcars.com
- નોર્થ અમેરિકા

  જેરી સ્પેન +1 201 930 8308 gerry.spahn@rolls-roycemotorcarsna.com
- યુકે અને સ્કેન્ડિનેવિયા
- જેમ્સ વોરન +44 (0)1243 384578 james.i.warren@rolls-roycemotorcars.com